ગાંધીનગર સમાચાર

હે પરમાત્મા
મને શુભકર્મમાં દૃઢતા પ્રદાન કરો, સર્વ પ્રાણીઓ મને મિત્રની દૃષ્ટિથી જુએ
હું પણ સર્વ પ્રાણીઓને મિત્રની દૃષ્ટિથી જોઉં, અમે બધાં એકબીજાને મિત્રની દૃષ્ટિથી જોઈએ.

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૪ ડીગ્રી
લઘુતમ : ૧૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૬૮ ટકા ● સાંજે ૪૧ ટકા

# શહેરમાં પ્રકાશ પર્વની પારિવારિક માહોલમાં ભવ્ય ઉજવણી

## દિવાળીની રાત્રે દિવડાઓના દિવ્ય ઉજાસથી શહેરમાં ચેતન પુરાયુ : નવા કપડામાં સજ્જ નગરજનોએ દિવાળી પર્વની એકમેકને શુભેચ્છા પાઠવી : રાત્રિના સમયે દિવડા અને રોશનીના શણગારથી ઝગમગતા સેકટરોમાં આતશબાજી સાથે અવનવા ફટાકડાઓએ સેકટરોની શેરીઓ અને આકાશમાં પણ અજવાળુ પાથર્યુ

ગાંધીનગર, તા. ૪

દિવાળીના પર્વને અનુલક્ષી આજે નગરમાં અનોખી ઉર્જા જોવા મળી હતી. પ્રકાશ પર્વને પોંખવા માટે નગરજનો છેલ્લા એક મહીનાથી તૈયારીમાં લાગ્યા હતા. જયારે આજે દિવાળીના દિવસે શહેરના જનજીવનમાં અનોખી રોનક નિખરી હતી. સવારથી જ નગરજનો નવા કપડામાં સજ્જ થઈને દેવ દર્શન માટે નિકળ્યા હતા. મંદિરોમાં પણ ભાવિકોની ભીડ રહી હતી. જયારે દિવસ દરમિયાન વિવિધ ધાર્મિક સ્થળોની સાથે સાંજના સમયે નગરના બાગ બગીચાઓ અને ઉદ્યાનોમાં પણ નગરજનોએ પરિવારજનો સાથે હળવાશની પળો માંણી હતી દિવાળી પર્વ દરમિયાન નગરજનોએ ઘરની અનોખી સજાવટ કરી હતી. રાત્રિના સમયે શહેર આખુ રોશનીના જગમગાટથી સજ્જ જોવા મળ્યુ હતુ.સાંજ ઢળતા જ શહેરમાં અંધારુ ઉલેચતા દિવડાઓની જળહળા જોવા મળી હતી. રંગબેરંગી રોશનની સજ્જ સેકટરોમાં સતત આતશબાજી સાથે અવનવા ફટાકડાથી આકાશ રંગબેરંગી બન્યુ હતુ સાંજ ઢળતા જ સેકટરોમાં આતશબાજી સાથે રોશનની જગમગાટ આકર્ષણનુ કેન્દ્ર બન્યો હતો. રાત્રિના સમયે દિવાળી પર્વની ઉજવણી અન્વયે નગરના હોટલ રેસ્ટોરન્ટમાં પણ ભીડ જોવા મળી હતી. નગરના શોપિંગ બજારમાં અવનવા દિવડાઓની હારમાળા સાથે રોશનનો જગમગાટ જોવા મળ્યો હતો. જયારે રાત્રિના સમયે ધાર્મિક સ્થાનો પર દિવડાઓનુ સુશોભન પણ આકર્ષણનુ કેન્દ્ર બન્યુ હતુ. દિવાળીના પર્વનો અનુલક્ષી નગરજનોમાં અનોખો ઉત્સાહ અને ઉમંગ જોવા મળ્યો હતો. આડા દિવસોમાં સુનકાર ભાસતી સેકટરોની શેરીઓમાં રોશની અને આતશબાજીના લીધે ઉજાસ પથરાયો હતો. દિવાળી પર્વના દિવ્ય ઉજાસથી શહેર જગામગા બન્યુ હતુ. શહેરીજનોએ દિવસ દરમિયાન એકમેકને હેપ્પી દિવાળીની શુભેચ્છા પાઠવી હતી. મોડી રાત સુધી શહેરીજનો નવા વર્ષને વેલકમ કરવા માટે મસ્ત અને વ્યસ્ત જોવા મળ્યા હતા. રાત્રિના સમયે મહીલાઓ પોતાના ઘરોને રંગોળીથી સજ્જ કરવામાં મશગુલ બની હતી. પ્રકાશ પર્વને સૌ કોઈ હર્ષથી પોંખવામાં ઓતપ્રોત બન્યા હતા. દિવાળી પર્વની રંગેચંગે ઉજવણી બાદ રાત્રિના સમયે નવા વર્ષને વેલકમ કરવા માટે સૌ કોઈ મોડીરાતથી આતુર બન્યા હતા. મોડી રાતથી જ સોશિયલ મીડીયામાં પણ નવા વર્ષને વેલકમ કરવા માટે અવનવા મેસેજીસ અને વીડીયોની ભરમાર જોવા મળી હતી.





## શહેરના ઘણાખરા પરિવારો વતન તરફ ટુરમાં જનારાની સંખ્યા પણ વિશેષ

ગાંધીનગરમાં એકબાજુ દિવાળી પર્વને અનુલક્ષી સેકટરોમાં આતંશબાજી વચ્ચે રોશનીનો જગમાટ જોવા મળ્યો હતો. રંગબેરંગી રોશનીના નિખારથી નગર સુશોભિત જોવા મળ્યુ હતુ. જયારે સેકટરોમાં કેટલાક ઘરોમાં તાળા જોવા મળ્યા હતા. કોરોના કાળમાં છેલ્લા દોઢ વર્ષથી નગરજનો બહાર જવાનુ ટાળી રહ્યા હતા પરંતુ આ વર્ષે કોરોનાનુ સંક્રમણ ઘટતા હાલ કેસની સંખ્યા પણ નહીંવત છે ત્યારે લાંબા સમય બાદ નગરજનો દિવાળી પર્વમાં બહારગામ ફરવા જવા માટે ઉત્સુક બન્યા છે. દિવાળીના દિવસે એકબાજુ સેકટરોમાં રોશનીના જગમગાટ વચ્ચે અનોખી રોનક જોવા મળી હતી બીજી તરફ સેકટરોના કેટલાક વિસ્તારમાં ખાલીપો પણ જોવા મળ્યો હતો. શહેરીજનો પોતાના વતનમાં પણ જતા રહ્યા હોવાથી સેકટરોના કેટલાક વિસ્તારમાં સન્નાટો છવાયેલો રહ્યો હતો. સેકટરોમાં બંધ મકાનોની સંખ્યા પણ વિશેષ રહી હતી. દિવાળી પર્વમાં સોમનાથ, દિવ તરફ ફરવા જવા માટે નગરજનોએ એસ.ટી.માં વિશેષ બુકીંગ પણ કર્યુ છે. જયારે વતનમાં જવા માટે એસ.ટી. ડેપોએ વિશેષ ભીડ જામી હતી. દિવાળી પર્વમાં બહાર ગામ જતા પરિવારોની સંખ્યા વિશેષ રહેતા સેકટરોમાં કેટલાક ઘરો બંધ જોવા મળ્યા હતા.

## જિલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફ દ્વારા રંગોળી તૈયાર કરાઈ






વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા વર્ષ ૨૦૨૫ માં ટીબીને સમગ્ર ભારત દેશમાંથી નાબુદ કરવાનું આહ્વાન કરેલ છે. ત્યારે રાજય સરકાર દ્વારા વર્ષ ૨૦૨૨ માં ટીબીના રોગને નાબુદ કરવાનું નક્કી કર્યુ છે. જેને પગલે આજરોજ ગાંધીનગર જિલ્લા ક્ષય કેન્દ્ર દ્વારા સમાજમાં ટીબી નાબુદી અભિયાન અંતર્ગત ટીબીના રોગને નાબુદ કરવા માટેનો મેસેજ જાય તે હેતુ થી દિવાળીના પર્વની ઉજવણીના ભાગરૂપે ટીબીના મેસેજ સાથેની રંગોળી કરવામાં આવી હતી. આ રંગોળી તૈયાર કરવામાં જિલ્લા ક્ષય અધિકારી ડો. દિપક પટેલની સાથે તમામ જિલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફે ભાગ લીધો હતો.

## આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ સવારે સાત વાગે પંચદેવ મંદિરે દર્શન કરશે

ગાંધીનગર, તા.૪

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ વિક્રમ સંવત ૨૦૭૮ના પ્રારંભ દિવસે તારીખ ૫ નવેમ્બર, શુક્રવારે સવારે ૭:૦૦ કલાકે ગાંધીનગરમાં પંચદેવ મંદિરના દર્શન કરી નૂતન વર્ષનો પ્રારંભ કરશે ત્યારબાદ તેઓ ૦૭:૨૫ વાગ્યે અડાલજ ખાતે ત્રિમંદિરમાં દર્શનપુજા માટે જશે.

મુખ્યમંત્રીશ્રી ત્યાર બાદ નૂતન વર્ષ નિમિત્તે મંત્રીમંડળ નિવાસ સંકુલમાં આવેલા કોમ્યુનીટી સેન્ટર ખાતે સવારે ૮:૦૦ થી ૮:૪૫ સુધી નાગરિકો-પ્રજાજનો સાથે નૂતન વર્ષાભિનંદન અને શુભેચ્છાઓનું આદાન-પ્રદાન કરશે.

શ્રી ભૂપેન્દ્ર પટેલ સવારે ૧૦:૪૫ થી ૧૧:૪૫ કલાક સુધી અમદાવાદમાં એનેક્ષી સરકીટ હાઉસ, શાહીબાગ ખાતે નાગરિકો સાથે નવા વર્ષની શુભેચ્છાઓની આપ-લે કરશે. તે પૂર્વે મુખ્યમંત્રીશ્રી ૧૦:૨૦ વાગ્યે અમદાવાદમાં ભદ્રકાળી માતાના મંદિરે દર્શનાર્થે પણ જવાના છે.

મુખ્યમંત્રીશ્રી નૂતન વર્ષ દિવસે બપોરે ૧૧:૫૦ કલાકે શાહીબાગ ડફનાળા ખાતે પોલીસ ઓફિસર્સ મેસમાં વરિષ્ઠ પોલીસ અફસરો અને તેમના પરિવારોને નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવવા ઉપસ્થિત રહેવાના છે.

## શહેર વસાહત મહાસંઘનું સ્વચ્છતા કર્મીઓને મિઠાઈ વિતરણ



ગાંધીનગર, તા.૪

ગાંધીનગર શહેર વસાહત મહાસંઘ દ્વારા સેકટર-૫, સેકટર-૨ અને સેકટર-ઉન્યુમાં સાફ-સફાઈનું કામ કરતાં સફાઈ કામદારો તેમજ રહેણાંક વિસ્તારમાં ડોર-ટુ-ડોર કચરો કલેકશન કરતાં ગાડીના ડ્રાયવરોના પરિવાર માટે નૂતન વર્ષ નિમિત્તે સેકટરોના વસાહતી અગ્રણીઓના વરદહસ્તે સંસ્થાના પ્રમુખ કેશરીસિંહ બિહોલાની આગેવાની હેઠળ મિઠાઈ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સેકટર-૫ના યોગ પરિવારના અગ્રણી સુરેન્દ્રસિંહ વાઘેલા, મણિલાલ સોલંકી, વિનોદભાઈ ભટ્ટ, જે વી પટેલ, કાનજીભાઈ દેસાઈ, ઘનશ્યામસિંહ ગોલ, નિલેન્દુભાઈ વૉરા, રાજેન્દ્રભાઈ પારેખ, જયેશભાઈ આગજા વગેરેના હસ્તે મિઠાઈ વિતરણ કરવામાં આવ્યું હતું.

## સમસ્ત બ્રહ્મસમાજ જિલ્લા મહિલા પ્રમુખ તરીકે છાયાબેન ત્રિવેદીની નિમણૂંક

ગાંધીનગર, તા.૪



શ્રી સમસ્ત બ્રહ્મસમાજ, રાજ્યકક્ષા દ્વારા એડવોકેટ, નોટરી અને ગાંધીનગરના કોર્પોરેટર છાયાબેન ત્રિવેદીની જિલ્લા મહિલા પ્રમુખ તરીકે નિમણૂંક કરવામાં આવી છે. પ્રમુખ ભરતભાઈ રાવલ, મહામંત્રી યજ્ઞેશ દવે, ઉપપ્રમુખ અશ્વિન ત્રિવેદી તથા મીડિયા ઈન્ચાર્જ દિનેશભાઈ રાવલ દ્વારા તેઓની નિમણૂંક કરવામાં આવી છે.

## સે-૨૧ ખાતે કાપડ બજારમાં ભારે ભીડ



દિવાળી તથા નૂતનવર્ષના પાવન પ્રસંગે સેકટર-૨૧ ખાતે કાપડ બજારમાં ભારે ભીડ જોવા મળી હતી. શહેરીજનોએ કપડાની ખરીદી માટે છેલ્લી ઘડીએ રીતસરની દોટ મુકી હોય તેમ લાગી રહ્યું હતું. બજારમાં ખાસ કરીને જીન્સ પેન્ટ, શર્ટ, ફેન્સી જીન્સ, જેકેટ, લાયકરા પેન્ટ, કોટન પેન્ટ, પોલો ફીટ, અને એન્કર લેન્થ પેન્ટ યુવાનોમાં ખાસ ડિમાન્ડમાં છે ત્યારે જીન્સ ફેકટરીના નિરવ લોથે જણાવ્યું હતું કે કોરોના મહામારી બાદ સૌ પ્રથમવાર માર્કેટ ખુલ્યું છે. દિવાળીમાં કાપડ બજારમાં પણ તેજી આવી છે. વિવિધ ખરીદી માટે બજારમાં ગ્રાહકોની ભારે ભીડ જોવા મળી રહી છે.

## મુખ્યમંત્રીએ જવાનો સાથે દિપોત્સવી પર્વ મનાવ્યો





ગાંધીનગર, તા.૪

યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ અને ગૃહ વિભાગના સંયુકત ઉપક્રમે આઝાદીનો અમૃત મહોત્સવ હેઠળ કચ્છ ધોરડો ખાતે આજ રોજ ત્રિરંગા સાંસ્કૃતિક કાર્યક્રમમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સરહદના સંત્રીઓ અને સશસ્ત્રદળોના જવાનો તેમજ પોલીસ જવાનો સાથે દિવાળીપર્વની ઉમંગભેર ઉજવણી કરી હતી.

જેની ઉજવણીના ભાગરૂપે આજરોજ રાજયની પશ્ચિમ સરહદે કચ્છ-ધોરડો ખાતે મુખ્યમંત્રીશ્રીએ તેમની ટીમ ગુજરાત સાથે દિવાળીપર્વની ઉલ્લાસભેર ઉજવણી કરી હતી.

મુખ્યમંત્રીશ્રીએ જવાનોને બિરદાવતા વધુમાં જણાવ્યુ હતું કે, સારામાં સારી સેવા બોર્ડર પર જવાનો કરી રહ્યા છે. પ્રજાજનો જે સુરક્ષા, સુખ અને શાંતિનો અનુભવ કરે છે તેમાં તેમની નિષ્ઠા પણ મહત્વની છે એ શિખવા અમે પ્રયત્નશીલ રહીશું. જેથી અમે પણ એવી જ નિષ્ઠાથી અમારા શાસન દરમ્યાન પ્રજાના સુખ શાંતિ સમૃદ્ધિ વધારી શકીએ. છેવાડાના માનવી સુધી સરકારની દરેક યોજના પહોંચાડીને પ્રજાની સેવા કરવા અમે તત્પર છીએ.

આ તકે મુખ્યમંત્રીશ્રીએ વિધાનસભા અધ્યક્ષા ડૉ. નીમાબેન આચાર્યની રજૂઆતને અનુલક્ષીને પાણીની સમસ્યાને નિવારવા તેની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા પ્રયત્ન કરાશે એમ પણ જણાવ્યું હતું.

જવાનોને ઉદ્દેશીને મુખ્યમંત્રીશ્રીએ આ તકે જણાવ્યું હતુ કે, રાજ્ય સરકાર જવાનોની પડખે છે અને તેમને પડતી મુશ્કેલીઓ નિવારવા તમામ પ્રયત્ન કરશે.

મુખ્યમંત્રીશ્રીએ આ તકે સૌને દિપાવલી તેમજ નૂતનવર્ષની શુભકામનાઓ પાઠવી હતી.

આ પ્રસંગે ગૃહ રાજયમંત્રીશ્રી હર્ષ સંઘવીએ ગુજરાતની સાડા છ કરોડની જનતા વતી સૈન્યના જવાનોને દિપાવલીની શુભેચ્છાઓ પાઠવાતા જણાવ્યું હતું કે, દેશના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદી દરેક પર્વ તહેવાર બોર્ડર પર સૈન્ય સાથે મનાવે છે. ત્યારે આજે ગુજરાતના મુખ્યમંત્રીશ્રી સાથે આજે અહીં કચ્છ બોર્ડર પર આ કાર્યક્રમ યોજાયો છે, તે ફકત સૈનિકોને શુભકામનાઓ પાઠવવા માટે નથી, પરંતુ આપણા પરિવાર અને સૈન્યના જવાનોના પરિવારો વચ્ચે આત્મીયતા કેળવવાનો શ્રેષ્ઠ પ્રયાસ છે.

ભારતની સુરક્ષા માટે સદાય તહેનાત એવા સૈનિકો તેમજ તેમના પરિવારોને વંદન કરતા તેમણે લોકો સુરક્ષિત અને નિશ્ચિંત બનીને જીવન જીવી શકે છે તે માટે સૈન્યનો અભિનંદન સહ આભાર વ્યકત કર્યો હતો.

કોરોના કાળમાં તેમજ અન્ય આપત્તિકાળમાં શ્રેષ્ઠ કામગીરી કરનારા પોલીસ વિભાગના સહયોગની સરાહના કરતા તેમને પણ અભિનંદન પાઠવ્યા હતા. ઉપરાંત જણાવ્યું હતું કે તમામ વ્યવસ્થાઓમાં મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું માર્ગદર્શન પણ મળી રહે છે. જે અન્વયે રાજ્ય સરકાર દ્વારા આ સિવાય અન્ય નાના-મોટા કાર્યક્રમો પણ યોજાઈ રહ્યા છે તેવું તેમણે જણાવ્યું હતું. આ તકે કચ્છની ધરતી પર સરહદોના રક્ષણ કાજે ભુજ એરબેઝ બનાવનાર કચ્છની વિરાંગનાઓને પણ નમન કર્યા હતા.

ત્રિરંગા થીમ પર યોજાયેલા સાંસ્કૃતિક કાર્યક્રમમાં એરફોર્સ, BSF, આર્મી, તટરક્ષકદળ, NCC અને ગુજરાત પોલીસના જવાનો, એસ.આર.પી. અને તેમના પરિવારો, નુપુર એકેડમીના કચ્છી લોક નૃત્ય, આર્મી બેન્ડ તેમજ બી.એસ.એફ.બેન્ડ, લોક કલાકારશ્રી ભાવિન શાસ્ત્રી અને શ્રી ઓસમાણ મીરના લોકસંગીતના સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉમંગભેર જોડાયા હતા.

# દિવાળીએ પાટનગરવાસીઓએ 'બહારગામ' કે 'વતનની' વાટ પકડી

## સરકારી રજાઓ શરૂ થતાં જ શહેરના મોટાભાગના પરિવારો દિવાળી કરવા વતનમાં પહોંચ્યા : શહેરના સેકટરો-રસ્તા સુમસામ બન્યા

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં આજે દિવાળીનું પર્વ હર્ષોલ્લાસ સાથે ઉજવાયું પરંતુ શહેરમાં ધનતેરસના દિવસ કરતાં ઓછાં ફટાકડાં ફુટયા હતા. પાટનગરમાં મોટાભાગના પરિવારો પોતાના વતનમાં દિવાળી કરવા અથવા તો બહારગામ ફરવા ગયા હોવાથી રાજમાર્ગો પર ટ્રાફિક નહીંવત જોવા મળ્યો હતો અને સેકટરો ખાલી ખાલી હોવાનું અનુભવાયું હતું. મહાનગર બની ગયું હોવા સાથે શહેરનો વ્યાપ પણ વધવા છતાં હજુ પણ ગાંધીનગરના સરકારી કર્મચારીઓના પરિવારોનો મિજાજ એજ જુનો રહ્યો હોવાનું દિવાળીના દિવસે જણાઈ આવે છે.

દિવાળીના તહેવારમાં આવતી સળંગ રજાઓ તેમજ શાળા કોલેજના દિવાળી વેકેશનને પગલે આ તહેવારમાં બહારગામ ફરવા જવાનું વધુ અનુકળ આવતુ હોવાથી જાણે એક રીવાજ બની ગયો છે. વળી, પાટનગર ગાંધીનગર એ કોઈ પ્રાચીન શહેર નથી પરંતુ આયોજનપૂર્વક વિકસાવેલું શહેર હોવાથી અહીં લગભગ મોટા ભાગના પરિવારો બહારગામથી આવીને વસેલા છે જેઓ નોકરી-વ્યવસાય કે હવે બાળકોના શિક્ષણને કારણે અહીં આવ્યા છે. દિવાળીનો તહેવાર પારિવારિક તહેવાર હોવાથી તેમજ નૂતનવર્ષે એકબીજાને મળીને શુભેચ્છા પાઠવવા સાથે પરિવારજનો સાથે હળવા મળવાનું પર્વ હોવાને કારણે જે પરિવાર બહારગામ ફરવા જતા નથી તેઓ પોતાના વતનમાં દિવાળી ઉજવવા જરૂર જાય છે. આ પ્રથાને કારણે લગભગ દિવાળીના દિવસથી મોટાભાગના પરિવારો પાટનગર છોડીને જાય છે જેના કારણે સેકટર હોય કે સોસાયટી લગભગ દસમાંથી ૬ ઘર ખાલી જોવા મળે છે. જયાં સુધી કચેરીઓમાં રજા નથી પડી હોતી ત્યાં સુધી શહેરીજનો વાઘબારસ, ધનતેરસ કે કાળીચૌદશ અહીં ઉજવે છે પરંતુ દિવાળીના દિવસથી રજા પડતાં જ વતનમાં કે બહારગામ જવા ઉપડી જાય છે તેથી સેકટરોની શેરીઓ સુમસામ બની જતી હોવાથી શહેરમાં ફટાકડાં આતશબાજી પણ ધનતેરસના દિવસની સાપેક્ષે દિવાળીની રાત્રે ઓછી અનુભવાય છે. આજ પ્રકારની સ્થિતિ શહેરના નવા વિકસેલા વિસ્તારોમાં પણ જોવા મળે છે. જયાં ફલેટ એપાર્ટમેન્ટના જંગલ બની રહ્યા છે પરંતુ તેમાં બહારથી આવીને વસેલા પરવારો દિવાળી કરવા વતનમાં પહોંચી ગયા છે અને સોસાયટીઓ સુમસામ ભાસી રહી છે.

## જન્મદિને વધામણી



પ્રકાશ એચ શાહ
મુખ્ય ઈજનેર (પાણી પુરવઠા)
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. : ૯૯૭૮૪ ૦૬૫૩૪



એમ કે દલસાણિયા
ટ્રસ્ટી, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ



કાન્તિલાલ ટી ત્રિવેદી
મો. ૯૪૨૮૯ ૦૬૬૮૩



ગીતાબેન મુકેશભાઈ વેદ
મો. ૯૬૮૭૭૭૨૨૨૨



પ્રદિપસિંહ અજીતસિંહ વાઘેલા
મો. ૯૭૨૩૬ ૭૨૮૨૬



મહેન્દ્ર એસ આયલાણી
સૌરાષ્ટ્ર સેતુ વિકસી ન્યૂઝ, તંત્રી
મો. ૯૦૮૧૨ ૨૩૪૭૮



ઉન્નતિ ઉમાકાંતભાઈ ભીલ
મો. ૭૩૮૩૪ ૩૯૯૧૮



જૈનિથ ચિરાગ સોલંકી
મો. ૯૪૨૮૪૦૫૫૨૩